## ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતે પેવર બ્લોકની કામગીરી માટેના ભાવ–પત્રક બાબત.

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતેથી ટોયહાઉસ સુધીનો રસ્તો બનાવવા માટે પેવર બ્લોક નાખવાના હેતુથી સીલબંધ કવરમાં ભાવ–પત્રકો આમંત્રિત કરવામાં આવે છે. કામગીરીની વિગત આ સાથે સામેલ છે :

| કામનું નામ | ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતે પેવર બ્લોકની કામગીરી માટેના ભાવ–પત્રક. |
|---|---|
| ભાવ–પત્રકો મેળવવાની તારીખ અને સમય | તા. ૧૯/૧૦/૨૦૨૪, સમય : ૧૧:૦૦ કલાકે |
| ભાવ– પત્રકો પરત કરવાની તારીખ અને સમય | તા. ૨૫/૧૦/૨૦૨૪, સમય : સાંજે ૦૪:૦૦ વાગ્યા સુધી |
| ભાવ–પત્રકો સંબંધિત જરુર જણાય તો મુલાકાત સ્થળ | ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, સેક્ટર–૨૦, ગાંધીનગર |

ભાવ–પત્રક અંગે વિગતવાર માહિતી મેળવવા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વેબ સાઇટ **www.cugujarat.ac.in** પરથી તા. ૧૯/૧૦/૨૦૨૪થી તા. ૨૫/૧૦/૨૦૨૪ સુધીમાં ડાઉનલોડ કરી શકાશે.ભરેલા ભાવ–પત્રકો સીલબંધ કવરમાં કુલસચિવશ્રી, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, છ–૫ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી સર્કલ નજીક, સેક્ટર–૨૦, ગાંધીનગર–૩૮૨૦૨૧ ખાતે કુરિયરથી/પોસ્ટથી/રુબરુ મોકલવાનાં રહેશે.

# ભાવ–પત્રક ભરનાર માટેની શરતો

૧. આ કામગીરી અંગેના ભાવપત્રક યુનિવર્સિટીની વેબ સાઇટ www.cugujarat.ac.in પરથી તા. ૨૫/૧૦/૨૦૨૪ સાંજે ૪:૦૦ કલાક સુધીમાં મેળવી ભરવાના રહેશે અને નિયત તારીખ સુધીમાં યુનિવર્સિટી ખાતે સીલબંધ કવરમાં પહોંચતા કરવાના રહેશે. **જેમાં ભાવ પત્રક ટેન્ડર ફી પેટે રૂ. ૧,૫૦૦/–નો ડી.ડી. "ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી" નાં નામનો જોડવાનો રહેશે.**

૨. વર્ક ઑડર મળ્યા બાદ આ કામગીરી **સત્વરે પૂર્ણ** કરવાની રહેશે. **વર્કઓર્ડર મળ્યેથી રૂ. ૧૮,૦૦૦/–ની સિક્યુરીટી ડિપોઝીટ ભરવાની થશે. સંતોષકારક કામગીરી પૂર્ણ થયેથી ડિપોઝીટ પરત મળશે.**

૩. કામગીરી દરમિયાન થયેલ નુકશાન જે–તે એજન્સીએ ભોગવવાનું રહેશે.

૪. નિયત સમય મર્યાદામાં કામગીરી ન થાય તેવા સંજોગોમાં એજન્સીએ પેનલ્ટી ભરવાની રહેશે.

૫. ભાવ–પત્રકમા દર્શાવેલ રકમ સામગ્રી, મજુરી, અન્ય ખર્ચ તેમજ તમામ કરવેરા સાથેની રહેશે.

૬. ઉપરોક્ત જણાવેલ કામગીરીમાં વધ–ઘટ કરવાની સત્તા યુનિવર્સિટીની રહેશે.

૭. કામગીરી કરનાર ઈજારદાર પાસે PAN Card /GST નોંધણી હોવું જોઈએ.

૮. ભાવપત્રકો અંગેનો આખરી નિર્ણય યુનિવર્સિટી ઓથોરીટીનો રહેશે.

૯. આ કામગીરી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, સેક્ટર–૨૦ ખાતે કરવાની રહેશે. ભાવપત્રક ભરતા પહેલા યુનિવર્સિટીની મુલાકાત ફરજિયાત પણે કચેરીના સમય દરમિયાન લેવાની રહેશે. જે માટે યુનિવર્સિટી ખાતે **એસ્ટેટ શાખાનો** સંપર્ક સાધવો.

૧૦. પાર્ટી/એજન્સી/કોન્ટ્રાકટર ભાવપત્રક મોકલતી વખતે નીચે મુજબની માહિતી મોકલવાની રહેશે.

૧) સીલબંધ કવરમાં ભાવપત્રક.

૨) ડીલર/એજન્સી/મેન્યુફેકચર/સપ્લાયર/ઓથો.સર્વિસનું સર્ટીફીકેટ અથવા નોંધણીનો આધાર.

૩) ડીલર/ એજન્સી/સપ્લાયરનું PAN CARD/GSTની નકલ

૧૧. ઉપરોક્ત ડોક્યુમેન્ટ ફરજિયાત પણે ભાવપત્રક સાથે મોકલવાના રહેશે. અન્યથા ફાઈનાન્સિયલ બીડ ખોલવામાં આવશે નહિં.

૧૨. ટેકનિકલ બીડ અને ફાઈનાન્સિયલ બીડ બંને અલગ અલગ કવરમાં જમા કરાવવાના રહેશે.

૧૩. ડીલર/એજન્સી/મેન્યુફેકચરર/સપ્લાયરની સામગ્રી/વસ્તુ ગુણવત્તાયુક્ત વાપરવાની અને પહોચાડવાની રહેશે.

૧૪. ભાવ ભરતા પહેલા ફરજિયાત પણે સ્થળ પર ચકાસણી કરી લેવાની રહેશે.

૧૫. ઉપરોક્ત ભાવ–પત્રક પર સ્પષ્ટ "પેવર બ્લોકને લગતી કામગીરી માટેના ભાવપત્રક" લખવાનું રહેશે.

કુલસચિવ
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી
ગાંધીનગર

# <u>પાર્ટી/એજન્સી/કોન્ટ્રાકટરની વિગત:</u>

૧. પેઢીનું નામ અને સરનામુ :

૨. પેઢીની માહિતિ :

૩. સંપર્ક નંબર :

૪. ઈ–મેઈલ :

૫. રજિસ્ટ્રેશનની વિગત :

૬. પાન કાર્ડ નંબર :

૭. જી.એસ.ટી. રજિસ્ટ્રેશન નંબર :

પાર્ટી/એજન્સી/કોન્ટ્રાકટરની સહી

# Price Bid Format

| Item No. | Description | Approx Qty. | Unit | Rate | Amount |
|---|---|---|---|---|---|
| 1 | Providing and fixing pre-cast Rubber Dye/ steel Dye inter locking concrete block 60 mm thick | 660 | Smt | | |
| 2 | Providing and fixing pre-cast concrete kerb stone of gray cement based concrete block 30 cm length, 30 cm height and 15 cm thick of M250 grade | 200 | Rmt | | |
| | | | | | Including GST |

## સામાન્ય શરતો અને બાહેંધરી પત્રક

(ભાવ પત્રક અને આ બાહેંધરી પત્રક સહી–સિક્કા સાથે ફરજીયાત જમાં કરાવવાના રહેશે.)

- ઉપરોક્ત ભાવ ભરતા પહેલા ફરજિયાત સ્થળની મુલાકાત લેવાની રહેશે. ત્યારબાદ ભાવ તમામ કરવેરા સાથેનો ભરવાનો રહેશે.
- યુનિવર્સિટી દ્વારા જો જથ્થામાં વધારો કે ઘટાડો કરવામાં આવે તો, એજન્સી દ્વારા ભરેલા ભાવે કામ કરવા એજન્સી બંધનકર્તા રહેશે.
- આવેદન કરવા માંગતી એજન્સીઓ પાસે સરકારી કચેરી અથવા શૈક્ષણિક સંસ્થાનો કામગીરી કરવા અંગેનો અનુભવ હોય તે ઇચ્છનિય છે.
- બિલ રજૂ કરતી સમયે જે તે જવાબદાર અધિકારીશ્રી પાસેથી કામગીરી સંતોષકારક પુર્ણ કરેલ છે તે બાબતની સહી મેળવી લેવાની રહેશે તેમજ બિલ રજૂ થયે નિયમાનુસાર કપાત કર્યા બાદ બિલનું ચુકવણું કરવામાં આવશે.
- ઉપરોક્ત કામગીરી માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સૌથી ઓછા ભાવ ભરનાર એજન્સીને અથવા એક કરતા વધુ એજન્સીને કામ સોંપી શકે તેનો અબાધિત અધિકાર ધરાવે છે. ઉપરાંત ભરેલા ભાવમાં વાટાઘાટો કરવાની સત્તા યુનિવર્સિટીની રહેશે.

**SIGNATURE OF AUTHORIZED PERSON WITH SEAL**